# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ-૩, જિલ્લાસેવાસદન-૨, અઠવાલાઇન્સ, સુરત

**Phone No: (0261) 2662902, Email***suratdeo@gmail.com, Web – deosurat.org*


જા.નં.મા-૨/ગીતા જયંતી/૨૦૨૫/ ૧૨૭૨૧ તા.૪/૧૧/૨૦૨૫

પ્રતિ

આચાર્યશ્રી,

સરકારી, ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,

સુરત શહેર

વિષય : ગીતા જયંતી દિને "શ્રી ગીતા જયઘોષ" કાર્યક્રમમાં સહભાગી થવા બાબત

સંદર્ભ : અખિલ હિંદ મહિલા પરિષદ બૃહદ સુરત શાખાનો તા:25/09/2025 નો પત્ર

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે અખિલ હિંદ મહિલા પરિષદ બૃહદ સુરત શાખા દ્વારા અનેક દાયકાઓથી મહિલાઓ અને બાળકો માટે કાર્ય કરતી આવી છે. દર વર્ષે ગીતા જયંતી ઉત્સવ પણ ઉજવે છે આ વર્ષે 1 ડિસેમ્બર 2025 ના રોજ ગીતા જયંતીના દિવસે એકસાથે સુરત શહેરની તમામ શાળાઓમાં શ્રીમદ્ ભગવદ્ ગીતાના 12મા અધ્યાયનું પઠન એક લય અને સૂરમાં કરે, જેથી સુરત શહેરમાં એક આહલાદક વાતાવરણ ઊભું થાય. આ માટે શાળાના સંસ્કૃત વિષયના શિક્ષકો એક લય અને સૂરમાં 12 મા અધ્યાયનું પઠન કરી શકે તેની તાલીમ શ્રી વેદ સંસ્કૃત પાઠશાળાના આચાર્યશ્રી દ્વારા નીચેના સ્થળે અને સમયે આપવામાં આવશે. તાલીમમાં જોડાવા રજીસ્ટ્રેશન માટે પત્રમાં દર્શાવેલ QR CODE થી રજીસ્ટ્રેશન કરી દેવાનું રહેશે. એક સેસનમાં ૧૦૦ વ્યક્તિઓ માટેની જ ક્ષમતા હોય વહેલા તે પહેલા ધોરણે તાલીમમાં ભાગ લઈ શકશે. રજીસ્ટ્રેશન કરેલ શિક્ષકોએ આપેલ સ્થળે અને સમયે તાલીમમાં હાજરી આપવાની રહેશે.

રજીસ્ટ્રેશન QR CODE

તા: ૧૨-૧૧-૨૦૨૫ અને તા:૧૩-૧૧-૨૦૨૫
(બે માંથી કોઈપણ એક દિવસ તાલીમ લેવાનીરહેશે.)
સમય : સાંજે ૦૫:૩૦ થી ૦૬:૩૦
સ્થળ : અખિલ હિંદ મહિલા પરિષદ બૃહદ સુરત શાખા,
કમળાબા અમીચંદ હોલ,શાલીભદ્ર કોમ્પલેક્ષ,
કાદરશાની નાળ, એલ.આઇ.સી. ક્વાટર્સની બાજુમાં,
ટીમલીયાવાડ, નાનપુરા, સુરત

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.સુરત